# શબ્દમાં મૌન
# મૌનમાં શબ્દ
## શબ્દમૌનનો સાક્ષાત્કાર

**2022**

## ક્યાં છે ગાંધી – ગાંધી?

અંદર આંધી, બહાર આંધીઃ
એ આંધી પી જાય પ્રેમથી
એવા સાગરપેટા
અગસ્ત્ય મુનિ સરખા,
દરિયા જેવા દિલના
ક્યાં છે ગાંધી – ગાંધી?

કૌભાંડોના કૂંડાળામાં કેટકેટલા ઘૂમતા!
દારૂ પી ઉંદરડા કેવા મસ્તાના થઈ ઝૂમતા!
ફરે ફુલારે કંઈક વળ લઈ માથે છોગાં-ફૂમતાં!
એ સૌનાથી આભ ફાટતું જે દે સ્નેહે સાંધી,
એવા અવ્વલ કસબી,
ક્યાં છે ગાંધી – ગાંધી?

ક્યાં સુધી આ દરિયા વેઠે આંસુ તપ્ત નયનનાં?
ક્યાં સુધી આ પ્હાડો સાંખે પથ્થર મીંઢા મનના?
ગંદવાડમાં કેમ પડે છે પગલાં લોકચરણનાં?
શાતા-સુખની કળા હોંશથી સૌને દે જે સાધી,
એવા સાધક ઇલમી,
ક્યાં છે ગાંધી – ગાંધી?

*18-1-2016*

## અંદર ઊંડે ઊંડે જ્યારે ઊતર્યો...

અંદર ઊંડે ઊંડે જ્યારે ઊતર્યો,
સમજ્યો મારું સાચું કયું સ્વરાજ!
અંદરથી કો અવાજ જ્યારે ઊઠ્યો,
મૂળ સાથે શો મેળ, એનો ખરો મળ્યો અંદાજ!

ચિદાકાશના તારાઓ-શા ચમક્યા જ્યારે સૂર,
એની સાથે સાજ મેળવી બેઠો શ્રવણાતુર;
સુણી ત્યારે ઘટે ઘૂંટાતી ગુંજઃ
લયની લ્હેરે નિજની ઝૂમી કુંજઃ
પંચતત્ત્વની તાલે બજતી પંડ મહીં પખવાજ!

શબદ સૂરમાં, સૂર મૌનમાં, મૌન સરે સુરતામાં;
સુરતાએ તો પરમ શાંતિનો સ છેડ્યો સમતામાં!
શ્વાસે શ્વાસે ગહન ગેબનો સ્પંદઃ
ભીતરની ભરતીનો છાલક-છંદઃ
નાદબ્રહ્મનું અંતર્નાદે સહજ ઊઘડતું રાઝ!

*19-9-2020*

## આગળ પાછળ ભલે ચલો, પણ

આગળ પાછળ ભલે ચલો,
પણ અંદર મૂળમાં રહો!
સૌના કાંઠા ભલે ભીંજવો,
ભીતરમાં થઈ વહો!
મને બોલવું કશું ન સૂઝે,
ભાર મૌનનો સહું;
હળવું-મળવું કેમ ન ફાવે,
એકલમૂંડો રહું!
હરખહૂંફાળા હરફ હવાના
હૈયે હેતે કહો!
ઊંચે ડુંગર નથી ચડાતું,
દરિયે નથી તરાતું;
આસમાનમાં ગમે ઊડવું,
પંખી નથી થવાતું!
અંદર આવી હવે ઘુમાવો,
મારા ઘરના ગ્રહો!

*19-5-2015*
*23-7-2015*

## આ ઠંડીએ ગુલાબ વેર્યાં

આ ઠંડીએ ગુલાબ વેર્યાં
ગાલ બાલના લાલ!
થરથરતાં ઘેટાંયે માગેઃ
'અમને આપો શાલ!"
ઠંડીથી આ શરીર, ઘર ને
ધ્રૂજે આખું ગામ;
મુઠ્ઠી વાળી પવન દોડતોઃ
ક્યાં ઠરવાનું ઠામ?

ગગન-ધરાને વસમું લાગે શ્વેત બરફનું વ્હાલ!

સૂરજને પણ આ ઠંડીએ
સગડી સરખો કીધો;
હૂંફ મળી તડકાની એવી,
ગરમ મસાલો પીધો!

ઠંડી એવી લસરે થીના ઘીનો પામી ઢાળ!

આ ઠંડીએ સ્પર્શ—સુખની
માયા બહુ વિસ્તારી;
ફરી ફરીને ગમે ભેટવું
એવી ભીંસ વધારી!
હિમાલયે શિવ-નયન ઊઘડે, કરશે કઈ કમાલ?

## ધરુ-ચરુ

આ ધરતીનાં ધરુઃ
લહું એમને અંતર લસતા આકાશી ચર-ચરુ.

આ ધરતીની માટી મઘમઘ વીજ-વાદળને વ્હાલ;
સાત રંગની છોળે જલમાં સૂરજ કરે કમાલ!
ગગન ધરાને ચૂમતાં જોતો ફૂલ ફૂલમાં ફરું.

નભગંગાથી ભીનીભીની ધન્ય ધરાની ધૂળ;
વિરાટ વડની ઝળહળ માયા, ગહન ગેબમાં મૂળ!
બાલકૃષ્ણનું વડના પાને ભીતરમાં રૂપ ભરું!

ધરુ ધરુમાં ધરતીના ધાવણનો તેજવિશેષ;
ચરુ ચરુમાં દૈવતનો શો મધુમય રમ્ય પ્રવેશ!
વસંત-વર્ષાના સિંચનથી પુલકિત શો વિસ્તરું!

*14-8-2021*

## તેમ હું ચગ્યો!

આમ જુઓ તો સદા સાથ ને આમ જુઓ તો અળગો!
આઘોપાછો થવા છતાંયે તને રહું છું વળગ્યો! –

તારી માટી, તેં એમાંથી મારો ઘડો બનાવ્યો;
મીઠા જળથી ભર્યો છતાં ના કોઈ પિયાસી આવ્યો!
ઘનમાં રહી ના વરસે તું તો, રહે વીજમાં સળગ્યો! –

તારી લઈને હવા શ્વાસની સરગમ મારી ચાલે;
મારી ફૂલવાડીમાં તારી મ્હેક મદીલી મ્હાલે!
દોર હાથમાં તારા; ચાહે જેમ, તેમ હું ચગ્યો! –

*3-12-2016*

## તારા ખોળે ઠરું

આસપાસ છે ટોળેટોળાં,
તારા ખોળે ઠરું!
તોફાની તલવારો આડે
તને ઢાલ હું કરું!
કેટકેટલા ભૂકંપ આવે,
ગગન લઈ ઘર પડે!
જળથળ જ્યારે ઊથલે પૂથલે
પુર પોતાનાં નડે!
તારા ઘરમાં તારા ગોખે
દીપ મૂકવા ફરું!
વસમા વાતા પવન, દિશાઓ
અંધ થઈને દમે!
માળે એક બચ્ચા બચ્ચાને
સાચવવા મન ભમે!
કંકરને કર શંકર. તારે ચરણે એને ધરું!

*28-11-2013*
*20-2-2015*

## મળવું છે... મળવું છે...

આસમાનની અટારીએથી મોતી જે વરસાવે,
આ ધરતીના રોમે રોમે લીલપ જે લ્હેરાવે,
સાત રંગનાં મોરપિચ્છ જે અવકાશે ચીતરાવે,
એ જલકન્યાને મારે તો મન મૂકી મળવું છે;
મળવું છે... મળવું છે...

ઝરણાનાં ઝાંઝર પ્હેરી જે ડુંગર ડુંગર નાચે,
પોતાના ચહેરાની ચમકે નદી-નવાણે રાચે,
ધોધે દેતી ધૂબકા, લસતી ધૂપ-છાંવને કાચે!
એ જલકન્યાને મારે તો મન મૂકી મળવું છે;
મળવું છે... મળવું છે...

સરમાં સરતી, મોજે મોજે જે દરિયે ઊછળતી,
વાદળ વાદળ ભમતી રમતી વીજ-વળાંકે વળતી;
નવા રસે જે હરીભરીને ધરતી-હૈયે ઢળતી,
એ જલકન્યાને મારે તો મન મૂકી મળવું છે;
મળવું છે... મળવું છે...

*4-8-2016*

## હરિ, નિહાળું નૂર!

આંખે આંખે તારા મુખનું હરિ, નિહાળું નૂર!
તને સાંભળું સપ્ત સૂરના ગુંજન મહીં મધુર!

ફૂલ-પાંદમાં, ધૂપ-છાંવમાં ફરફર તારાં ચીર;
કમલપગ લિયે દલ દલ સરકે લઈને શાંત સમીર!
લહરે લહરે મહેકે તારી કાયા તણું કપૂર!

સાયર સાયર અસીમ તારો ઊછળી રહેતો છંદ;
વરસે તારી કરુણા અનહદ, એનો મીઠો સ્પંદ!
તારી સર્જકતાના ફણગે માટીમાં અંકુર!

તારી આગળ દિવસ પનોતો, તારી પાછળ રાત,
અહો! સમયની તારી રૂડી જીવતર મહીં બિછાત!
મારા ઘટની ગંગા-જમના, એમાં તારું પૂર!

## ઊંડો ઊંડો દરિયો

ઊંડો ઊંડો દરિયો, જાલિમ એની જાળ;
મગરમચ્છ શાં મોજાં, કાતિલ એમાં કાળ.

એનાં ખારાં પાણી ધરતીની આંખોનાં;
ડૂમો છૂટ્યા જેવા ઘુઘવાટ ખડકોનાં;
વિષમયતાને રોકી શકશે દરિયે તાંડવ-તાલ? –

ઊંડાણમાં જ્યાં મોતી, ત્યાં વડવાનલ શાને?
મરજીવા પર ક્યારે વ્હાલ થશે દરિયાને?
શમે ન દરિયે મંથન, એનો શું દેવાનો ખ્યાલ? –

*03-02-2021*

## એવી દષ્ટે દેખ –

એવી દષ્ટે દેખ, હ્રદયમાં દીવા દીવા થાય!
એવું મીઠું બોલ, ભીતરે વાંસ વાંસળી થાય!
પંથ પધારી ભલે કહે કે
"પાડ પનોતાં પગલાં!"
પવન ભલે પાથરતો આવી
ફૂલ ફૂલના ઢગલા!
એ રીતે પ્રિય પરશ, રોમમાં રેશમ સમું વણાય! –
એ રીતે તું વરસ, રેતકણ મુક્તકરસે રસાય! –
દિવસ કહેઃ 'તું તડકે ખીલી
કર ધરતી સોનાની!"
રાત કહેઃ 'તું ઓઢ કામળી
રાધાવર રસિયાની!"
પિંડે ભર તું પૂરણ એવું, ગળપણ ગળે ઘૂંટાય!
અંદર કર તું ઉઘાડ એવો, અજબગજબ ઊભરાય!

*08-01-20215*
*20-02-2015*

## એક મને ગોઠે છે તારી સાથ!

એક મને ગોઠે છે તારી સાથ!
સદા જોઈએ તારો મારા હાથ મહીં બસ, હાથ!
ભલે હોય રસ્તા ખરબચડા,
કાંટાળા ને કાઠા;
તારા સથવારે મીઠા એ,
નહીં લાગશે માઠા!
દવ છો તારા ડુંગરિયા પર,
ભરવી એને બાથ!
અંધકાર તો કેમ ટકે?
છે દીવો તારો પાસે;
એમ લાગતું તું ચાહે છે
ત્યાં જ હવે પહોંચાશે!
હરદમ મારી અંદર, ક્યાંથી
એકલ રહું અનાથ?

*07-07-2020*

## ભલું રમાય ક્રિકેટ

કદીક હું તો દડો ઊછળ્યો, કદીક જાણે બૅટ!
કોઈ રીતે રમવાનું મારે, ઊંચી રાખી હૅટ!
દડો ફેંકનારો – રમનારો
– બંને મારી અંદર;
ફટકે ફટકે રન લેવાના
ચાલે દાવ નિરંતર!
હારજીતની પરવા કોને? ભલું રમાય ક્રિકેટ!
એ જ હશે કપ્તાન, ઉતાર્યો
જેણે મને રમતમાં,
દસ દસ ફિલ્ડર મારી ફરતે
લેવા દડો ઝપટમાં!
દડે દડે રન થાય એમ બસ, થવું રમતમાં સેટ!

*02-01-2021*
*10-01-2012*

## ક્યારે કરશો બાદ જાતને?

ક્યારે કરશો બાદ જાતને, ક્યારે કરશો બાદ?
મનજી, ક્યારે સાદ સુણશો? – દિલના સતનો સાદ?
કાટમાલ આ કરવાનો શું?
નથી હવેલી બનતી;
જમા થયું તે કામ ન આવ્યું,
ખોટ ચોપડે ચઢતી!
ફૂલ-ફુલારા છોડી સાધો મૂળ સાથે સંવાદ! –
મુઠ્ઠીમાં જે જકડી રાખો,
એ જ પંડને પાડે!
ભયે ભાગતાં આવે મનજી,
નિજ પડછાયો આડે!
ક્યારે શમશે રઝળપાટ ને અકળામણ – ઉન્માદ? –
ખાતર તો નહીં થયું, ઉકરડા
એમ જ વધતા ચાલ્યા!
આંખ, કાન ને નાક ભણી કાં
કચરા-કૂડા વાળ્યા?
મનજી, ક્યારે થશો પ્રફુલ્લિત પામી પરમ પ્રસાદ? –